ગાંધીનગર સમાચાર

નગરમાં મોચીકામ પ્રવૃત્તિ લુપ્ત થવાના આરે



## @ગાંધીનગર

● આજ રોજ સે-૨૩માં આવેલ કડી કેમ્પસ ખાતે અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ દ્વારા જાદુગર નાટકનો શો બપોરે ૨.૩૦ કલાકે યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે સુકા મેવાના હિંડોળા યોજાશે.

● મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત અમરાપુરા હોલ ખાતે શ્રમજીવી મહિલા દિવસનો કાર્યક્રમ સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે.

● સેકટર-૧૨/ડી સ્થિત બલરામ મંદિર પરિસર ખાતે મહિલા શ્રમજીવી દિવસનો કાર્યક્રમ સવારે ૧૧.૦૦ કલાકે યોજાશે.

● આજે બ્રહ્મભવન સે-૧૬ ખાતે સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ગણેશ મહોત્સવ ૨૦૧૫ના અંતર્ગત બેઠક સાંજે ૭.૦૦ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

## વિદ્યાર્થીઓને હ્યુમન ટ્રાફિકીંગ, ઘરેલુ હિંસા, મહિલા ઉત્પીડન સહિતના અનેક મુદ્દે કાનુની માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની સી.એમ. પટેલ નર્સિંગ કોલેજમાં આજે બપોરે ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા વિદ્યાર્થીઓ માટે કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વિવિધ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને ઘણા બધા મુદ્દે કાનૂની માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શિબિરમાં મુખ્ય મહેમાન પદે પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ એસ.ઈ. રાવ તથા ડિસ્ટ્રીકટ જજ વ્યાસ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં વિદ્યાર્થીઓને હ્યુમન ટ્રાફિકીંગ, હિન્દુ લગ્ન ધારો, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના કાર્યો, ઘરેલું હિંસા અને મહિલા ઉત્પીડન જેવા વિષયો





આધારિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ એસ.ઈ. રાવે વિદ્યાર્થીનીઓને મહિલા જાગૃતિ બાબતે પ્રેરિત કર્યા હતા. પેરાલીગલ વોલિયન્ટર્સ જયરામભાઈ સોની, સુધીરભાઈ દવે, સીતારામભાઈ પટેલ, નટુભાઈ પટેલ, રાજુભાઈ ગજ્જર, ભરતભાઈ પ્રજાપતિ અને અશ્વિનભાઈ મહેતાએ તેમના વકતવ્યો દ્વારા વિદ્યાર્થીઓનુ માર્ગદર્શન કર્યું હતું. જયરામભાઈ સોનીએ મહિલા જાગૃતિ, નાના બાળકોની ઉઠાંતરી, ઘરેલું હિંસા અને બાળ મજુરી મુદ્દે પ્રકાશ પાડયો હતો. સીતારામભાઈ પટેલે નર્સિંગ વ્યવસાયને સેવાનો વ્યવસાય ગણાવતા દિકરીનું મહત્વ પણ સુપેરે સમજાવ્યું હતું. સી.એમ. પટેલ નર્સિંગ કોલેજ દ્વારા હાલમાં ચાલી રહેલા મહિલા સશકિતકરણ પખવાડિયા નિમિત્તે આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## વાતવાતમાં

● સ્કુલ છુટે એટલે બાળકોને ઘરે જવાની ઉતાવળ હોય તે સ્વાભાવિક છે. કડી કેમ્પસની એક શાળામાં સ્કુલ છુટતા બાળકો ખૂબ ઝડપભેર સીડી ઉતરી રહ્યા હતા ત્યારે એક બાળક ગડથોલિયું ખાઈ જતા તેના કપાળે નજીવી ઈજા થઈ હતી. જો કે તુરંત જ કર્મચારી ગણ દ્વારા તેને પ્રાથમિક સારવાર આપતા ફરી બાળક એજ મસ્તીથી ઘરે જવા રવાના થયું હતું.

● નગરમાં ઘણા દિવસ પછી સાંજના સમયે અમી છાંટણા થતા નગરજનોમાં હર્ષની લાગણી છવાઈ હતી.

● શહેરની પ્રખ્યાત ચેઈન સ્વીટ માર્ટ રાધેની વધુ એક શાખા કોબા હાઈવે પર રાયસણ નજીક આકાર લઈ રહી છે.

● સૌરાષ્ટ્રની જાણીતી ગુજરાતી થાળીની ચેઈન રેસ્ટોરન્ટ ડોકટર્સ ફુડ ટુંક સમયમાં ગાંધીનગરમાં પણ પધારી રહી છે.

● સાંજના સમયે પથિકાશ્રમ નજીક ઘ-રોડ પર ધસી આવેલ એક નીલ ગાયે બે ત્રણ બાઈક-સ્કૂટર સવારોને અડફેટે લીધા હતા સદભાગ્યે કોઈને ઈજા થઈ નહોતી.

- સમીર રામી
9924446645

## કોલવડામાંથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ પકડાયો : ૧૦,૮૮૫ના રોકડ મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૨

કોલવડા ગામમાં વરલી મટકાનો જુગાર ઠાકોરવાસનો રાજુ સરદાર લુહાર રમાડી રહ્યો હોવાની બાતમીને આધારે ગઈ સાંજે પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડી રાજુને રૂ. ૧૦,૮૮૫ના રોકડ મુદ્દામાલ સાથે રાજુ લુહારને દબોચી લીધો હતો. જ્યારે તેના અન્ય સાગરીતો ફરાર થઈ ગયા હતા. રાજુ લુહારની રોકડ તથા વરલી-મટકાના આંકડાઓ લખેલો ચોપડો જપ્ત કરી પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# સે-૨૪માં રહેતી પરિણીતાનો ગળે ફાંસો ખાઈ આપઘાત

## પતિ અને સાસુ દહેજ માંગીને અવાર નવાર મારઝુડ કરી ત્રાસ આપતા હોવાથી દિકરીએ પગલુ ભર્યું હોવાની પિતાની ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

શહેરનાં સેકટર-૨૪ હરસિધ્ધનગર ખાતે રહેતી ૨૪ વર્ષીય પરિણીતાએ આજે સવારે પોતાના ઘરે જ પંખે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. પરિણીતાનાં સાસુ અને પતિ અવારનવાર દહેજની માંગણી કરીને મારઝુડ કરી ત્રાસ આપતા હોવાથી કંટાળીને તેણીએ અંતિમ પગલું ભર્યું હોવાની ફરિયાદ મૃતકના પિતાએ સે-૨૧ પોલીસ મથકે નોંધાવી છે. પી.આઈ. વાય.એમ. મિશ્રાએ ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરુ કરી છે.

સેકટર-૨૪ હરસિધ્ધનગર ખાતે મકાન નં. ૩૪૧માં રહેતી ૨૪ વર્ષીય પરિણીતા સાધના રાજેન્દ્રસિંહ ચૌહાણના ૪ વર્ષ પહેલા લગ્ન થયા હતાં. આજે સવારે સાડા આઠ વાગ્યાના અરસામાં સાધનાએ પંખે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. રાજેન્દ્રસિંહ તેની પત્નિ સાધનાને મૃત હાલતમાં ખાનગી વાહનમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા પરંતુ મૃત્યુ થયું હોવાનું ડોકટરે જાહેર કર્યું હતું. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. માટે મોકલી આપ્યો હતો. તો બીજી તરફ મૃતક સાધનાના પ્રાંતિજ રહેતા પિતા જયંતિસિંહ કલ્યાણસિંહ મકવાણાએ ફરિયાદ નોંધાવી છે કે પતિ રાજેન્દ્રસિંહ અને સાસુ લીલાબેન અવારનવાર દહેજની માંગણી કરીને મારઝુડ કરી ત્રાસ આપતા હોવાથી દિકરી સાધનાને ત્રાસ સહન ન થતા આખરે આ પગલું ભર્યું છે. મૃતકના પિતાની ફરિયાદના આધારે પોલીસે પતિ અને સાસુ સામે દહેજ પ્રતિબંધ ધારા અને આપઘાતના દુષ્પ્રેરણ ઉપરાંત શારિરીક-માનસિક ત્રાસ અંતર્ગત ગુનો નોંધી તપાસ શરુ કરી છે. મૃતકનું પોસ્ટમોર્ટમ પણ પેનલ ડોકટરની ટીમથી કરવામાં આવ્યું છે.

## ચંદ્રાલામાં ૪૫ વર્ષિય મહિલાનું સર્પડંશથી મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર-હિંમતનગર હાઈવે પર સ્થિત ચંદ્રાલા ગામમાં રહેતી ૪૫ વર્ષિય મહિલા ચંદ્રાબા કનુસિંહ જાડેજાને આજે સવારે ૭ વાગ્યાના અરસામાં ઘર આંગણે જ સાપે ડંખ મારતા ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં સારવાર લઈ રહેલા ચંદ્રાબાનુ સાંજે હોસ્પિટલમાં જ સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## કોલવડાની સગીરાનો એક અઠવાડીયાથી કોઈ પત્તો નથી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીકના કોલવડા ગામમાં રહેતી ૧૭ વર્ષની કિશોરી આશા ઠાકોર પોતાના ઘરેથી ૬ ઓગષ્ટે મમ્મીને કહીને બજારમાં વેફર લેવા નીકળી હતી. આજે એક સપ્તાહ થઈ જવા આવ્યો હોવા છતાં તેણીનો કોઈ જ પત્તો મળ્યો નથી. પરિવારજનોએ સગા-વ્હાલાને ત્યાં તપાસ કરી પરંતુ ક્યાંયથી પત્તો ન મળતાં આખરે તેણીના પિતાએ કોઈ અજાણ્યા શખ્સ સામે અપહરણની ફરીયાદ નોંધાવી છે. પેથાપુર પોલીસે અપહરણની ફરીયાદ લઈ સીપીઆઈએ ઊંડી તપાસ શરૂ કરી છે.

## કોબા પાસેથી મળેલા બાળકને પોલીસે પરિવારજનોને સોંપ્યો

**ઓપરેશન મુસ્કાન હેઠળ ઈન્ફોસીટી પોલસે કામગીરી કરીને બાળકના પરિવારને 'મુસ્કાન' સમર્પીત કરી**

ગાંધીનગર, તા.૧૨

ઈન્ફોસીટી પીએસઆઈ એમ.આર. પટેલ ૧૦ ઓગષ્ટે સાંજે પેટ્રોલીંગમાં હતા ત્યારે કોબા સર્કલ પાસેથી એક રડતો છોકરો દેખાયો હતો. તેને સાંત્વના આપીને પોલીસ સ્ટેશને લઈ જઈ પ્રેમપૂર્વક પરિવાર વિશે પુછતાં મોટેરાના વરસંગજીનો દિકરો હોવાનું તેણે જણાવ્યું હતું. જેને આધારે પીઆઈ પી.બી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.આર. પટેલે મોટેરા જઈ ગુમસુદા બાળકના માતા પિતાને શોધી લીધા હતા અને ગુમ બાળકને પરિવારજનોને સોંપી 'મુસ્કાન' સમર્પિત કરી હતી.

## એસ.જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળામાં જાહેર ખબર અંતગર્ત અભિનય યોજાયા

**બ્લ્યુ ગ્રુપે પ્રથમ ક્રમ અને યલ્લો ગ્રુપે બીજો નંબર મેળવ્યો હતો**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળામાં આજે વિવિધ વિષયોને લગતી જાહેર ખબર સ્પર્ધા યોજવામાં આવી હતી. ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં સુંદર અભિનય સાથે જાહેરાતની રજૂઆત કરી પ્રેક્ષકોના મન મોહી લીધા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ઓરેન્જ ગ્રુપ, ગ્રીન ગ્રુપ, બ્લ્યુ ગ્રુપ, રેડ ગ્રુપ અને યલ્લો ગ્રુપના વિદ્યાર્થીઓએ જાહેરખબરને અનુલક્ષીને વિવિધ અભિનયો આપ્યાં હતાં. ઓરેન્જ ગ્રુપમાંથી શિક્ષણ, એલ.આઈ.સી. અને ગ્રીન ગ્રુપમાંથી કલ્યાણ જવેલર્સ, બાળમજૂરી, પૌષ્ટિક પીણું તથા રેડ ગ્રુપે જંકફૂડ, વેબસાઈટ, કોસ્ટેમેટીકસ વિષય પર રજૂઆત કરી હતી. બ્લ્યુ ગ્રુપે ડોનથી પ્રોમો, કલોઝ અપ અને ટાઈડની સુંદર રજૂઆત કરી પ્રથમ ક્રમ મેળવ્યો હતો. જયારે યલ્લો ગ્રુપે બેંક, સ્ત્રી સશકિતકરણ અને




ગારમેન્ટની સુંદર રજૂઆત કરી બીજો નંબર મેળવ્યો હતો. નિર્ણાયકોએ નિષ્પક્ષ નિર્ણય જાહેર કરી બાળકોને પ્રોત્સાહન આપી પોતાની રજૂઆત કરી હતી. સમગ્ર કાર્યક્રમને શાળા પરિવારના શિક્ષકોએ યોગ્ય કામગીરી પૂર્ણ કરીને સફળ બનાવ્યો હતો.

(તસવીર : કશ્યપ નિમાવત)

## આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના બાળકો શૈક્ષણિક પ્રવાસે

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૨૩માં આવેલ આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ તા.૧૦મી ઓગષ્ટના રોજ અભ્યાસના ભાગરૂપે જૈન આરાધના કેન્દ્ર કોબા અને અડાલજ વાવની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. શાળાના ૧૬૯ વિદ્યાર્થીઓ અને ૩ શિક્ષકોએ જૈન આરાધના કેન્દ્રના ભોજપત્રો, તાડપત્રો, તામ્રપત્રો, શિલાલેખો તેમજ અડાલજ વાવની પથ્થર ઉપરની સુંદર કોતરકામ જોઈ શિલ્પ સ્થાપત્યકલા વગેરે વિદ્યાર્થીઓએ ઐતિહાસિક અવશેષો પ્રત્યક્ષ નિહાળી મહિતી પ્રાપ્ત કરી હતી. વાવની આજુબાજુની કુદરતી પ્રકૃતિને વિદ્યાર્થીઓએ ભરપુર માણી હતી. મુલાકાતના અંતે વિદ્યાર્થીઓએ નાસ્તાનો આનંદ માણ્યો હતો. શૈક્ષણિક મુલાકાતથી વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

## પડોશી યુવતીને ગર્ભવતી બનાવી દેનાર આરોપીની ધરપકડ : બે સગા ભાઈઓની ધરપકડ કરી અડાલજ પોલીસે પુછપરછ શરૂ કરી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીકના એક ગામમાં રહેતી ૨૭ વર્ષિય યુવતીને લગ્નની લાલચ આપ્યા બાદ ફાર્મહાઉસમાં લઈ જઈ અવારનવાર લગ્નેત્તર સંબંધો બાંધી પડોશીએ ગર્ભવતી બનાવી દીધી હતી. આ પ્રકરણમાં ત્રણ સગા ભાઈઓ સામે અડાલજ પોલીસમથકમાં ફરીયાદ નોંધાવા પામી હતી. આ યુવતીને ગર્ભપાત કરાવી દેવા દબાણ કરી મારી નાંખવાની ધમકીઓ પણ અપાઈ હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ છે. આ ગુનામાં નાસતા ફરતા આરોપીઓ પૈકી બે સગા ભાઈઓ જગદીશ ઊર્ફે જગા અમરા ભરવાડ અને સંજય અમરા ભરવાડની ધરપકડ કરી લઈ અડાલજ પોલીસે પુછપરછ શરૂ કરી છે.

## બ્રહ્મસમાજનું જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૨

શ્રી ચાણકય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લાના સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના સંયુકત ઉપક્રમે આગામી તા. ૩૦મી ઓકટોબરને શુક્રવારે વડોદરા ખાતે ૪૪મું જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે.

સમસ્ત બ્રહ્મસમાજના લગ્નોત્સુક યુવક યુવતીઓએ આ સંમેલનમાં ભાગ લેવા ફોટા સહિત બાયોડેટા ૯, કમલકુંજ સોસાયટી, અર્પણ કોમ્પ્લેક્ષ પાસે નિઝામપુરા વડોદરાની ઓફીસના સરનામે ૧૫મી ઓકટોબર સુધીમાં મોકલવાના રહેશે વધુ માહિતી પ્રાપ્ત કરવા માટે અશોક જોષી, પ્રશાંત ત્રિવેદી, શંભુ પ્રસાદ, ચંદ્રેશ ક્ષોત્રીય, ઈશ્વર દવેનો સંપર્ક સાધવા જણાવાયું છે.

## નિવૃત્ત કર્મચારી મહામંડળ દ્વારા પેન્શનરોના પડતર પ્રશ્નો અંગે સરકાર સમક્ષ ધા

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મહામંડળ દ્વારા પેન્શનરોના પડતર પ્રશ્નો અને વયવંદના યોગ્ય પેન્શનરોનું સન્માન કરવા રાજય સરકાર સમક્ષ માંગ કરવામાં આવી છે. આ બાબતે મહામંડળ દ્વારા મહાત્મા મંદિરે રાજયના પેન્શનરોનું સ્નેહ સંમેલન યોજવા મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો સમય પણ માંગ્યો છે.

નિવૃત્ત કર્મચારી મહામંડળ દ્વારા રાજય સરકાર સમક્ષ તા. ૧લી જાન્યુઆરી ૨૦૦૬ પહેલા નિવૃત્ત થયેલા પેન્શનરોને ગ્રેડ પે સુધારાનો લાભ કેન્દ્રના ધોરણે, પેન્શનરોને મળતું મેડિકલ એલાઉન્સ કેન્દ્રના ધોરણે રૂ. ૩૦૦થી વધારીને રૂ. ૫૦૦ કરવા, કેટલાક વિભાગમાં પેન્શનરોને અલગ ઠરાવના કારણે મોંઘવારી ભથ્થુ ચુકવાતુ નથી તે સમસ્યા દૂર કરવા તથા પાંચમા પગાર પંચમાં મળેલ ઈન્ક્રીમેન્ટનો છઠ્ઠા પગારપંચમાં સ્વીકાર ન થતા રીકવરીના પ્રશ્ન બાબતે રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત ઠરાવ મુજબ પગાર ફિકસેશન, વિકાસ સેવા સંવર્ગ-૨નું ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા, અવસાન પ્રસંગે રૂ. ૧૫૦૦૦નું અનુદાન આપવા, હૃદયરોગના પેકેજની રકમમાં વધારો કરવા થતા કેશલેસની સગવડ આપવા, એસટી બસમાં સિનિયર સિટીઝનોને ૫૦ ટકા રાહત આપવા અને પેન્શનરોની વિધવાઓ અથવા ત્યકતા કે અપરિણિત પુત્રીને કેન્દ્રના ધોરણે વયમર્યાદા બાધ સિવાય કુટુંબ પેન્શન આપવા તેમજ જુથ વીમાના નાણાં પ્રથમ પેન્શન સમયે મળવા જોઈએ તે માંગ પણ કરવામાં આવી છે. પેન્શનરોને વિવિધ મેડીકલ સહાય જેવી કે કાન માટેના હીયરીંગ મશીનની જેમ આંખ માટે, ઘુંટણ માટે, લકવા માટે અને સ્વરપેટી માટે પણ પેકેજ મંજુર કરવા અધિકૃત હોસ્પીટલોને માન્યતા આપવા માંગણી કરાઈ છે. તારીખ ૧લી ઓગષ્ટ ૧૯૯૪થી ૩૧મી ડિસેમ્બર ૧૯૯૫ વચ્ચે નિવૃત્ત થયેલ પ્રાથમિક શિક્ષકોને એક જ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળે છે જે હાઈકોર્ટના ચુકાદા અનુસાર ત્રણ પગાર ધોરણનો લાભ મળવો જોઈએ તે અંગે પણ રજૂઆત કરવામાં આવી છે.



### કાનૂની માર્ગદર્શન સાથે હાસ્યરસ પીરસાયો

ગાંધીનગરના ટાઉનહોલમાં આજે મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત કાનૂની જાગૃતિ દિવસ ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કાનૂની માર્ગદર્શન સહિત હાસ્યરસ પણ પીરસવામાં આવ્યો હતો. ગાંધીનગરના એનઆઈસીએમ કેમ્પસમાં રહેતા હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાએ પોતાની આગવી શૈલીમાં હળવી વાતો રજૂ કરીને હોલમાં ઉપસ્થિત સૌ કોઈને ખડખડાટ હસવા મજબૂર કરી દીધા હતા.

# નગરમાં મોચીકામ પ્રવૃત્તિ લુપ્ત થવાના આરે

ગાંધીનગર, તા.૧૨

હાથ વણાટના બનેલા ચામડાંના પગરખાં પહેરવા એ વર્ષો અગાઉ રૂતબો ગણાતો હતો અને આ ચામડાંના પગરખામાં થતી તુટફુટ થકી મોચી કામની પ્રવૃત્તિ પણ ધમધમતી હતી. પરંતુ અદ્યતન ટેકનોલોજીના સહારે પગરખાંના કારખાના શરૂ થઈ ગયા જેમાં ફાઈબર અને રબરના તૈયાર પગરખાંની માંગ વધી જતાં ચામડાના પગરખાં અદૃશ્ય થવા લાગ્યા. તૈયાર મટીરીયલ્સના પગરખાંની ખાસીયતમાં તેનો ઉપયોગ કરો અને તુટફુટ થાય તો ફેંકી દો નું ચલણ બની ગયું. જેના કારણે ફુટપાથ પર બેસી મોચીકામ કરી દૈનિક રોજગારી મેળવતા અનેક પછાત જ્ઞાતિના પરિવારોની આર્થિક સ્થિતિ કફોડી બનવા લાગી જેથી આ કામ કરતી મોચી જ્ઞાતિ અન્ય વ્યવસાય તરફ વળી જતાં આ પ્રવૃત્તિ નગરમાં સિમિત બનીને લુપ્ત થવાના આરે પહોંચી છે.

સામાજીક રચનાના અનુસંધાને દરેક જ્ઞાતિને વ્યવસાય મળી રહે તેવું આયોજન વર્ષો પહેલાં અમલમાં મુકાયેલ હતું. જેમાં પગરખાં વ્યવસાયમાં મોચી જ્ઞાતિનો દબદબો હતો. ચામડાંના પગરખાં હાથ વણાટથી બનાવવામાં માહેર આ જ્ઞાતિ આ વ્યવસાય થકી પોતાના પરિવારનું ભરણ પોષણ કરી શકવા સમર્થ બની હતી. સમયાંતરે પગરખાં વ્યવસાય ફુલી ફાલીને વિશાળ ફલક ઉપર આવ્યો જેમાં અનેક લોકો જોડાઈ ગયા અને અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી ફાઈબર અને રબરના પગરખાંનું ઉત્પાદન શરૂ થઈ ગયું. જેમાં પગરખાંનું આયુષ્ય ઘટીને ઉપયોગ પછી ફેંકી દેવાનું ચલણ વધી ગયું. જયારે ચામડાંના પગરખાની તુટફુટના મરામતની કામગીરી



કરીને પણ મોચી જ્ઞાતિ વ્યવસાય સાથે સંકળાયેલી રહી પરંતુ તૈયાર પગરખાં સસ્તા અને અવનવી ડિઝાઈનના મળી રહેતાં લોકોએ ચામડાંના પગરખાંનો આગ્રહ ઓછો કરી નાંખ્યો જેથી મોચીકામ પ્રવૃત્તિમાં ભારે અસર પહોંચવા લાગ અને ધીરે ધીરે આ વ્યવસાય ઓછો થવા લાગ્યો છે.

નગરમાં અનેક ઠેકાણે ફુટપાથ કે ખુણે ખાંચરે બેસીને થતી મોચી કામની પ્રવૃત્તિ નામશેષ થઈને કોઈક કોઈક ઠેકાણે જ જોવા મળી રહી છે. વધુમાં પગરખાંની મરામતમાં ઉપયોગ લેવાતા દોરા, સોય તથા અન્ય મટીરીયલ્સ પણ મોંઘુ થઈ ગયું છે તેથી લોકોને મજુરી પણ પોષાતી ન હોવાની

**ફાઈબર અને રબરની બનાવટોના પગરખાંમાં યુઝ એન્ડ થ્રોનું ચલણ હોવાથી મરામત પ્રવૃત્તિમાં ઓટ**

પણ સમસ્યા ઉભી થઈ છે તો બુટ ચંપલમાં કરાતી પોલીશ પણ તૈયાર મળી રહેતા આ મજુરી કામ પણ મળતું બંધ થઈ ગયું છે. આ અંગે અરવિંદભાઈ એમ. પરમારે જણાવ્યું હતું કે ફુટપાથ ઉપર મજુરી કરી ગુજરાન ચલાવવું હવે અઘરું બન્યું છે. દિવસના ૧૦૦ થી ૧૫૦ કમાઈ લેવા તે પણ કઠિન બન્યા છે. વધુમાં આ વ્યવસાય માટે સરકારી સહાય મળે છે કે કેમ? તે પણ અમો જાણતા નથી. તૈયાર મટીરીયલ્સના પગરખાંના આગમને અમારા આ વ્યવસાયને જોરદાર ફટકો પડયો છે.

આમ આધુનિક ટેકનોલોજીએ હાથ મજુરી કરી જીવન જીવતાં અનેક પરિવારો બેરોજગાર બન્યા છે જેમાં મોચી કામ પ્રવૃત્તિ લુપ્ત થવાના આરે પહોંચી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મણજી લાલાજી સોલંકી, ઉ.વ.૬૧, મુ. આલમપુર, તા.જી. ગાંધીનગર.
- સ્વ. રઈબેન કાળાજી ઠાકોર, ઉ.વ.૬૫, મુ. રૂપાલ, તા.જી. ગાંધીનગર..
- સ્વ. જીજ્ઞેશ અરવિંદભાઈ દંતાણી, ઉ.દોઢ વર્ષ, મુ. હાલીસા, તા. દહેગામ, જી. ગાંધીનગર.
- સ્વ. ચંદ્રીકાબેન ગુણવંતભાઈ પરમાર, ઉ.વ.૩૦, મુ. નવા બોરીજ, ગાંધીનગર.